મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૮ ટકા
ગાંધીનગર તાપમાન

ન્યુ ગાંધીનગરમાં માર્ગ અકસ્માતમાં બેના મોત

રસ્તો ઓળંગતા યુવાનને રાયસણ પેટ્રોલ પંપ સામે કારે અડફેટે લીધો : કરાઈ બ્રીજ પાસે અજાણ્યા વાહને એક વૃધ્ધને કચડી માર્યા

ગાંધીનગર, તા.૧૪

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ગઈ મોડી સાંજે માર્ગ અકસ્માતમાં બે બનાવો અલગ અલગ જગ્યાએ બન્યા હતા. જેમાં બે વ્યકિતઓ મોતને ભેટયા હતા. એક અકસ્માત રાયસણ પેટ્રોલ પંપની સામે થયો હતો. જેમાં રસ્તો ઓળંગી રહેલા યુવાનને અડફેટે લઈ કાર ચાલક રફ્ફુચક્કર થઈ ગયો હતો તો બીજી તરફ કરાઈ બ્રીજ પાસે કોઈ અજાણ્યા વાહનની અડફેટે એક વૃધ્ધનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. બંને અકસ્માતની ઘટના અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ રાયસણ ખાતે ગુડાના મકાનમાં રહેતા મેહુલ ઈશ્વરભાઈ દવે અને તેનો મોટો ભાઈ વિજય દવે ગઈ કાલે રખિયાલ ખાતે દિવાળીના કપડાંની કરીદી કરવા બાઈક લઈને ગયા હતા. કપડા ખરીદી કરીને મોટોભાઈ વિજય બાઈક પરથી ઉતરી ગયો અને બાપુનગર તેના મિત્રને મળીને ઘરે આવીશ તેમ કહી નાના ભાઈ મેહુલને ઘરે મોકલી દીધો હતો. મોડી સાંજે બાપુનગરથી ગાંધીનગરની બસમાં બેસીને રાયસણ ઉતરેલા વિજય દવે રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે બેફામ ગતિએ આવેલી એક કારે તેમને અડફેટે લઈ કાર ભગાડી મુકી હતી. પાછળ આવતી બીજી કારના ચાલકે તેનો પીછો કરી નંબર નોંધી લીધો અને પરત આવ્યો હતો. જો કે આ ઘટનામાં વિજયનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પીએમ કરાવી જીજે ૧૮ એ.વાય.૮૩૩૧ નંબરની કારના અજાણ્યા ડ્રાઈવર સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે. તો બીજી તરફ અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતા વૃધ્ધ જાવેદ ધિરુભાઈ મણિયાર ઘેરથી ચાલતા નિકળ્યા બાદ ઘરે પરત ફર્યા ન હતા. મોડી સાંજે ઘરે જાણ થઈ કે કરાઈ બ્રીજ પાસે તેમને કોઈ અજાણ્યા વાહનચાલકે ચગદી માર્યા છે. આ મામલે પણ ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આરોપી સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

જીઈબી કોલોની ખાતેથી દુર્લભ કીડીખાઉ મળી આવ્યું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની જીઈબી કોલોની ખાતેથી અતિ દુર્લભ એવા પ્રાગઐતિહાસિક જીવ કીડીખાઉ મળી આવ્યું છે. શહેરની સ્નેક લવર્સ કલબના સભ્યો કૌશલભાઈ સાધુ અને દિપકભાઈ પ્રજાપતિ દ્વારા મોડી રાત્રે આ કીડીખાઉનું રેસ્કયુ ઓપરેશન કરી તેને વનવિભાગને સુપરત કરવામાં આવ્યું છે. આ કીડીખાઉની લંબાઈ ૩ ફુટ જેટલી અને તેનું અંદાજિત વજન ૧૦ કિલો જેટલું હતું.

કીડીખાઉને અંગ્રેજીમાં પેન્ગોલીન તરીકે ઓળખાય છે અને હોલીવુડ ફિલ્મના ભીંગડાવાળા મોન્સ્ટર જેવું દેખાય છે પરંતુ તે શાંત પ્રકૃતિનો જીવ છે અને તેની ઘણી જાતો વિશ્વમાં જોવા મળે છે. મુખ્યત્વે આ નિશાચર પ્રાણી હોવાને કારણે જલદી નજરે ચઢતું નથી અને માનવ વસાહતોથી દૂર રહે છે. સસ્તન વર્ગના આ પ્રાણીનો મુખ્ય ખોરાક કીડી અને ઉધઈ છે. તે લાંબુ ત્રિકોણિયું મ્હોં ધરાવે છે અને ખાડો ખોદવા કે ઝાડ પર ચઢવા કામ આવે તેવા તિક્ષ્ણ ન્હોર તથા સંતુલનમાં કામ લાગે તેવી લાંબી પૂંછડી ધરાવે છે. ભારતમાં આ પ્રજાતિ લુપ્ત થઈ રહી છે ત્યારે ગાંધીનગરમાંથી મળી આવેલ કીડીખાઉના કારણે વન્ય જીવ પ્રેમીઓમાં આનંદનું મોજું પ્રસરવા પામ્યું છે.

શહેરમાં ચાઈનીઝ ફટાકડાનો બહિષ્કાર કરતા વેપારીઓ

ગાંધીનગર શહેરમાં દિવાળીના તહેવારને પગલે ફટાકડાના સ્ટોલ લાગી ચુક્યા છે. શહેરના સેકટર-૬, ૨૧,૨૨ અને ૨૪માં મળીને કુલ ૧૫૦ થી વધુ સ્ટોલમાં ફટાકડાનું વેચાણ થશે. ત્યારે આ વર્ષે ભુકંપ અને મેના ગુર્જરી ફટાકડા નવિન આવ્યા છે. જયારે પરંપરાગત ફટાકડામાં ૧૦૦ થી વધુ આઈટમ વેચાણઅર્થે બજારમાં હાજર સ્ટોકમાં છે. જયારે જીએસટીને પગલે સામાન્ય ભાવમાં વધઘટ જોવા મળી છે. ચાઈનીઝ ફટાકડામાં નવીવતા જોવા મળતી હતી પરંતુ શહેરના વેપારીઓએ ચાઈનીઝ ફટાકડાનો બહિષ્કાર કરતા માર્કેટમાં જે છે તે કોઠી, ચકરડી, તારામંડળ, દોરી, પેન્સિલ, સહિતના ફટાકડા જોવા મળશે.

દિવાળી પાવન દિવસોની શુભ શરૂઆતને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે મોડે મોડે તંત્રએ ફટાકડાના સ્ટોલની મંજુરી આપતા શહેરના સેકટર-૬ ગ્રાઉન્ડમાં, સેકટર-૨૧, ૨૨ તેમજ સે-૨૪માં મળીને કુલ-૧૫૦ થી વધુ સ્ટોલ પર ફટાકડાનું વેચાણ વેપારીઓ દ્વારા કરવામાં આવશે. જયારે તંત્ર દ્વારા ફટાકડાના વેચાણની મંજુરી મળવામાં વિલંબ થતા વેપારીઓમાં નિરાશા જોવા મળી છે. તો બીજી તરફ ફટાકડામાં પણ જીએસટી લાગુ પડતા ફટાકડામાં ભાવ વધારો જોવા મળ્યો છે પરંતુ વેપારીઓના મતે સામાન્ય જ ભાવ વધારો થતા ગ્રાહકો પર ખાસ અસર તેની પડશે નહી. ફટાકડામાં ચાઈનીઝ ફટાકડામાં વિવિધ નવીનતા જોવા મળતી હતી પરંતુ વેપારીઓ દ્વારા ચાઈનીઝ ફટાકડા વેચાણઅર્થે લાવવામાં આવ્યા નથી અને સમુહમાં બહિષ્કાર કરવામાં આવ્યો છે. અત્યારે હાલના સમયે ફટાકડાની લારીઓ પર ખરીદી કરતા નાના બાળકો તેમજ માતા-પિતા જોવા મળે છે. જયારે રવિવારના દિવસે ફટાકડા બજાર ગ્રાહકોથી ઉભરાયેલું જોવા મળે તેમ લાગી રહ્યું છે. ત્યારે ફટાકડામાં તારામંડળ, કોઠી, ચકરડી, દોરી, પેન્સીલ, લવીંગીયા, બપોરીયા, રોલ-ટીકડી, તાજમહેલ, પપપ, લક્ષ્મી, સહિતના ફટાકડા બજારમાં આવી ગયા છે. ત્યારે જોવુ રહ્યું કે ફટાકડાની મોંઘવારીથી પ્રજા દાઝશે કે કેમ...

સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટમાં ઉભરાતી ગટરથી વસાહતીઓ હેરાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ ખાતે છેલ્લા અઠવાડીયાથી ગટર ઉભરાય છે. સ્થાનિક રહીશોએ તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે છતા કોઈ નિવેડો આવ્યો નથી. જયારે ગટરના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા નાગરીકોને ચાલવુ પણ મુશ્કેલીરૂપ લાગી રહ્યું છે. ગટરના પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઝંળુબી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાતા કેટલાક સેકટરોમાં ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ગટર ઉભરાતા તેના પાણી માર્ગો પર ફરી વળતા ખાબોચીયા ભરાયેલા જોવા મળે છે. શહેરના નવા સેકટરોમાં પણ ગટરો ઉભરાતી હોવાના કિસ્સા સામે આવી રહ્યા હતા. ત્યારબાદ તંત્ર દ્વારા રીપેરીંગ કામ હાથ ધરાતા વસાહતીઓની સમસ્યાનું નિવારણ આવ્યું હતું. ત્યારે છેલ્લા એક સપ્તાહથી સે-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ બલોક નં-૪૩ પાસે ગટર ઉભરાય છે. ગટરનું ગંદુ પાણી માર્ગ પર ફરી વળતા નાગરીકો હેરાન થાય છે. દુર્ગંધયુકત પાણીને પગલે મોં પર રૂમાલ રાખીને ચાલવુ પડે તેવી સ્થિતિ ઉદભવી છે. જયારે સ્થાનિક નાગરીકે સેકટર-૨૪ ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતા અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે અને નાગરીકને આમથી તેમ જાવો કહીને સમય પસાર કરી રહ્યા છે. ત્યારે મચ્છરોના ત્રાસથી સ્થાનિકોની રાત્રીની ઉંઘ હરામ થઈ ગઈ છે. શહેરમાં મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. ત્યારે સે-૨૪ સત્યમ એપાર્ટમેન્ટના રહીશોના માથે ખતરો ઝંળુબી રહ્યો છે. તંત્ર દ્વારા સત્વરે ઉભરાતી ગટરનું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

કમીશન પ્રથા બંધ કરી કર્મચારી તરીકે નિમણૂંક આપવાની માંગ સાથે વીસીઈ ઓપરેટર્સ ઉપવાસ આંદોલન કરશે

ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિકોના સોમવારે ધરણાં

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક (ઓપરેટર) મંડળ દ્વારા પીપીપી મોડેલને બદલી સરકારી નોકરીમાં તબદીલ કરવા સહિતની માંગો સાથે તા. ૧૬મી ઓકટોબરે સવારે ૧૧ કલાકે સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન યોજવામાં આવ્યું છે. વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર એટલે કે વીસીઈ તરીકે ઓળખાતા આ કોમ્પ્યુટર ઓપરેટર્સ ડીજીટલાઈઝેશનના પાયાના ઓપરેટર્સ હોવા છતાં તેમની અસંખ્ય રજૂઆતો છતાં સરકારે હજુ સુધી કોઈ જવાબ કે નિર્ણય જણાવ્યો નથી.

વીસીઈ ઓપરેટર્સ દ્વારા અત્યાર સુધીમાં ૨૨૦૦ જેટલા આવેદનપત્રો સરકારને આપવામાં આવ્યા છે અને ચાર મહાસભાઓ, અસંખ્ય ધરણાં કાર્યક્રમ વગેરે થકી સતત રજૂઆતો કરવા છતાં રાજય સરકારે હજુ સુધી કોઈ નિર્ણય તો નથી લીધો પરંતુ કોઈ પણ લેખિત કે મૌખિક જવાબ પણ આપ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના ૧૪ હજાર જેટલા ગામડામાં વીસીઈ ઓપરેટર્સ વર્ષ ૨૦૦૬થી પીપીપી મોડલ આધારિત કાર્ય કરી રહ્યા છે છતાં તેમને મળતા કમીશનની આવક વધવાને બદલે ઘટી છે રાજયના ૩૩ જિલ્લાના ૧૩૭૦૦ વીસીઈ દ્વારા સરકાર સમક્ષ પીપીપી મોડલ ફગાવી તેમને સરકારી નોકરીમાં રાખી લેવા રજૂઆત કરાઈ છે. હાલ તેમને મળતા કમીશનના મહેનતાણામાંથી ત્રણ ભાગ પડે છે જેમાં એક ભાગ રાજય સરકાર, એક ગ્રામ પંચાયત અને એક ભાગ તેમના હિસ્સે આવે છે તેવું જણાવતા વીસીઈ મંડળના રાજયના હોદેદાર પંકજભાઈએ જણાવ્યું હતું કે કમિશન પ્રથા બંધ કરી સરકારે અમને કર્મચારી તરીકે નિમણુંક આપવી જોઈએ. આ સાથે જો સરકાર સત્વરે તેમનો પ્રશ્ન નહીં ઉકેલે તો આગામી સમયમાં વધુ લડત અપાશે તેવી પણ તેમણે ચિમકી ઉચ્ચારી હતી.

ટીંટોડા ગામના બાળકો દ્વારા આદરપૂર્વક માતૃવંદના પૂજા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે સરકારી પ્રાથમિક શાળા દ્વારા સંસ્કારનું સિંચન થાય અને સંસ્કૃતિનું મહત્વ બાળકો સમજે તે હેતુથી માતૃવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ પોતાની માતાની વંદના પૂજા કરી હતી.

ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં પારવારિક સંસ્કૃતિ તરીકે સુવિખ્યાત છે અને આપણા દેશમાં માતાને ઈશ્વરનું સ્થાન આપવામાં આવ્યું છે. જો કે આજના યુગમાં માઈક્રો ફેમિલીની સંખ્યા વધતી જાય છે અને સંબંધો ભૂલાતા જાય છે તેવી ફરિયાદો ઉઠવા પામી રહી છે. આ સંજોગોમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનું ભાવિ પેઢીમાં સિંચન થાય તે હેતુથી ટીંટોડા પ્રાથમિક શાળામાં માતૃવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત શિક્ષિકોએ તમામ બાળકોની માતાઓને શાળામાં આમંત્રણ આપી તેમના બાળકોના હસ્તે તેમનું પૂજન કરાવ્યું હતું. બાળકોએ ઉત્સાહપૂર્વક પોતાની માતાને કંકુ-તિલક કરી પૂજા કરી આરતી ઉતારી હતી અને માતાને પગે લાગી આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે શિક્ષકોએ બાળકોને માતાનું મહ્ત્વ સમજાવ્યું હતું. આ સાથે બાળકોએ પોતાની માતાનું મ્હોં મીઠું કરાવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસથી ઉજવાયો હતો.

આજે ગાંધીનગરના આંબેડકર હૉલમાં નાટક 'એકે હજારો અમદાવાદી'નું મંચન

સ્વ. ભગવત ભાવસાર લિખિત અને હિમાંશુ ભચેચ દિગ્દર્શિત નાટકમાં ગાંધીનગરના કલાકારો અભિનયનાં અજવાળાં પાથરશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય સંગીત સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત નાટક 'એકે હજારો અમદાવાદી'નું મંચન રવિવારે ગાંધીનગર શહેર ખાતે કરવામાં આવી રહ્યું છે.

સ્વ. ભગવત ભાવસાર લિખિત અને હિમાંશુ ભચેચ દિગ્દર્શિત આ નાટક રવિવાર, તા. ૧૫ ઑક્ટોબરના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ભજવાઈ રહ્યું છે. આ મનોરંજક નાટકમાં મૌન સાધુ, પ્રતીક્ષા નિમાવત, હિમાંશુ ભચેચ અને કુંતલ નિમાવત અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. સેટીંગ્સ કલીમ હાશમી, મૌલિક ગોહિલ, વિપુલ સેનમા અને અનુજ સોલંકી દ્વારા, ડ્રેસીંગ નીતા ભચેચ, કશ્યપ નિમાવત, મનીષા ખત્રી, લાઈટ્સ દિવ્યકાન્ત વર્મા, લાઈટ સંચાલન સાબિર મલેક, મ્યુઝીક પર્વ નિમાવત, મ્યુઝીક સંચાલન પ્રતીક હિરપરા અને નેપથ્યની સેવા શાહરૂખ શેખ, અર્થ સાધુ અને દેવલ રામાવત, શ્રેય મરડીયા, રોનક સુતરીયા દ્વારા આપવામાં આવી રહી છે.

અમદાવાદી વ્યક્તિના પાત્રના માધ્યમથી ગુજરાતીઓની વિશેષતા અને દિલેરીને રજૂ કરતું આ નાટક સપરિવાર માણી શકાય એવું હાસ્યસભર અને મનોરંજક છે. આ નાટક માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. નાટક માણવા માટે ના સૌ રસજ્ઞોને હિમાંશુ ભચેચ ગૃપ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અફલાતૂન પારિવારિક મનોરંજન

તારીખ : ૧૫ ઓક્ટોબર, ૨૦૧૭; રવિવાર । સમય : રાત્રે ૯ કલાકે
સ્થળ : ડો. આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર

મેડીકલ કોલેજના ડોકટર્સનું બે તબક્કામાં દિવાળી વેકેશન

ગાંધીનગર, તા.૧૪

પાટનગરની મેડીકલ કોલેજમાં વિવિધ વિભાગોમાં અંદાજીત ૧૨૫ થી વધુ તબિબો ફરજ બજાવે છે. ત્યારે મેડીકલ કોલેજ તંત્ર દ્વારા દિવાળીનું વેકેશન બે ભાગમાં આપવામાં આવ્યું છે. જેમાં તા.૧૬ થી ૩૦ અને તા.૧ થી ૧૫ નવેમ્બર દરિમયાન ડોકટર્સ વેકેશનની મોજ માણશે. જયારે દિવાળીના તહેવારને અનુલક્ષીને દર્દીઓને હાલાકી ના ભોગવવી પડે તે માટે તંત્ર દ્વારા વિશેષ ધ્યાન રખાયું છે.

ગાંધીનગરમાં મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થતા દર્દીઓનો ધસારો રહે છે. જિલ્લાભરમાંથી રોજના વિવિધ રોગના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. ત્યારે દિવાળીમાં મેડીકલ કોલેજ તંત્ર દ્વારા પણ એક માસનું દિવાળી વેકેશન જાહેર કર્યું છે પરંતુ આ વેકેશન બે તબક્કામાં જાહેર કર્યું છે. મેડીકલ કોલેજમાં સ્કીન, ઈએનટી, મેડીસીન, ગાયનેક, સર્જરી, ઓપ્થેમોલોજી, પેથોલોજી, ઓર્થોપેડીક સહિતના વિભાગોમાં મળીને કુલ ૧૨૫ થી વધારો ડોકટર્સ ફરજ બજાવે છે. ત્યારે મેડીકલ તંત્ર દ્વારા આગામી તા.૧૬ થી ૩૧ ઓકટોબર અને તા.૧ થી ૧૫ નવેમ્બર સુધી બે તબક્કામાં વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. જેથી આગામી દિવસોમાં વારાફરતી ડોકટર્સ દિવાળી વેકેશનની મોજ માણશે. જયારે દિવાળીના દિવસોમાં પણ દર્દીઓને હાલાકીનો સામનો ના કરવો પડે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.

પોલીસ દારૂના નશામાં આવીને મફતમાં નસ્તા માંગી ગાળો બોલે છે...!

સે-૨૪માં નાસ્તાની લારી ચલાવતા વેપારીએ કલેકટરને લેખિત ફરિયાદ કરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર પોલીસને શરમમાં મુકી દે તેવું વધુ એક કૃત્ય બહાર આવ્યું છે. સે-૨૩ પોલીસ ચોકીના બે પોલીસવાળા સામે સે-૨૪માં નાસ્તાની લારી ચલાવતા નાના વેપારીએ નામજોગ લેખિત ફરિયાદ કરીછે. દારૂના નશામાં આવીને મફતમાં નાસ્તો માંગી લારી પર ગાળાગાળી કરતા હોવાનો આક્ષેપ બ પોલીસ કર્મીઓ પર કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. જિલ્લા કલેકટરને લેખિતમાં કરેલી આ ફરિયાદમાં તેણે જણાવ્યું છે કે સે-૨૩ પોલીસ ચોકીમાં ફરજ બજાવતા બે પોલીસ કર્મીઓ મફતમાં નાસ્તો માંગી ગાળો બોલીને એવી ધમકીઓ આપે છે કે ધંધો કરવો હોય તો પૈસા આપવા પડશે. નહીતર મનપામાંથી મારા ઓળખીતા કર્મચારી બોલાવીને તારી લારી જમા કરાવી દઈશ...!

@ગાંધીનગર

● ગાંધીનગર સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના સહેલી ગ્રુપ દ્વારા ઘરવપરાશની ચીજ વસ્તુઓ અને ઈમીટેશન જવેલરી, ખાણીપીણીના પ્રદર્શનનું સવારે ૧૦ થી રાત્રે ૮ કલાક સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી સે-૭ ખાતે આયોજન.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર અને કીરીટભાઈ શુકલ દ્વારા સિધ્ધેશ્વર મહાદેવ વાવોલ ખાતે હોમાત્મક મહારુદ્ર યજ્ઞ સવારે ૭.૩૦ કલાકે યોજાશે.

વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૫ ખાતેના ગેસ પંપ નજીક સાંજના સુમારે એક મારૂતિવાનમાં આગ લાગી હતી. જો કે સ્થળ પર ઉપસ્થિત નાગિરકોની સતર્કતા અને ગેસ પંપના કર્મચારી દ્વારા તાત્કાલિક કરાયેલા ફાયર એસ્ટિંગ્યુઝરના ઉપયોગને કારણે આ આગને ઝડપથી કાબુમાં લેવામાં સફળતા મળી હતી.

● તાજેતરમાં કોઈ સરકારી કાર્યક્રમમાં બંદોબસ્તમાંથી પરત ગાંધીનગર આવી રહેલા એક એસઆરપી પોલીસ જવાને તેમને ૧૬-૧૬ કલાકની નોકરી પછી ખખડધજ વાહનમાં મુસાફરી અને માત્ર એક ટકો મોંઘવારી અપાતી હોવાના બળાપા કાઢતો વિડિયો સોશ્યલ મિડિયામાં વાઈરલ કર્યો છે. આ વિડિયોમાં 'વિકાસ ગાંડો થયો છે' ના અંદાજમાં સરકારની મજાક ઉડાવવા સાથે પોલીસ કર્મીઓને થઈ રહેલા અન્યાય અંગે અવાજ ઉઠાવ્યો છે.

● આજે અગિયારસથી દિવાળીના દિવસો શરુ થઈ રહ્યા છે જે લગભગ દેવદિવાળી સુધી ચાલશે. નગરજનો દ્વારા દિવાળીની સાફસફાઈ, સજાવટ, ખરીદી જેવા કાર્યોમાં હવે લગભગ કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે. ધીમે ધીમે બજારોમાં પણ ભીડ જામશે. ફટાકડાં બજાર પણ લાગી જતા તેમાં પણ તેજી આવશે. શાળાઓમાં રજાઓ પડી જતાં બાળકો પણ દિવાળીના મૂડમાં આવી ગયા છે તો સૌ નગરજનોને દિવાળીની શુભેચ્છા..

શ્રી છેડાલ પરગણા વણકર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

શ્રી છેડાલ પરગણા વણકર સેવા સમાજ તથા કર્મવીર હવસી દે'ગામા કો.ઓ. ક્રેડીટ સોસાયટી, ગાંધીનગર દ્વારા સમાજના ધો-૧૦ તથા ધો-૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ટકા મેળવનાર તેજસ્વી તારલાઓનું, સરકારી સેવામાં નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારીઓનું, સરકારી સેવામાં નવી નિમણુંક પામેલા અધિકારી-કર્મચારીઓનું તથા ૭૫ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા વડીલોનો સન્માન કાર્યક્રમ આગામી તા. ૫-૧૧-૨૦૧૭ના રવિવારના રોજ સવારે ૧૦ કલાક ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે યોજાનાર છે. જેથી ઉપરોકત માહિતી સમાજના કાર્યાલય પ્લોટ નં. ૧૦૮૩/૨, સે-૪-એ, ગાંધીનગર ખાતે સત્વરે મોકલી આપવા સંસ્થાના મહામંત્રી રાજુભાઈ એમ. પરમારે જણાવ્યું છે.

ચિરવિદાય

● સ્વ. ઠાકોર અમાજી ચુંથાજી, ઉ.વ. ૭૦

આઈ લવ માય ગાંધીનગર

રાજેન્દ્ર લીંબાચિયા
તંત્રી, લોક વાચા

ગાંધીનગર ગમે

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ધામ અક્ષરધામ, મહાત્મા ગાંધી મંદિર, બગીચા, સ્કૂલ્સ, કૉલેજીસ, વ્યવસ્થિત પહોળા રસ્તા, રાજ્યનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

નગરજનો

દેશના સર્વધર્મ, જુદી-જુદી ભાષા, રીતરિવાજો હોવા છતાં એક થઈને નગરજનો અહીં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

નગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

શહેર વસાહત મહામંડળ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, અક્ષરધામ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા અને ટ્રાફિક નિયમન બાબતે કોઈ ઠોસ કામગીરી કરવાની જરૂરિયાત મહેસૂસ થઈ રહી છે.

નગર માટે હું કરી શકું

સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે નિઃસ્વાર્થભાવે સેવાકીય કાર્યો કરવા હું તત્પર છું.